CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# CIMS News
# Care & Cure

Volume-10 | Issue-109 | August 25, 2019

Price : ₹ 5/-

## અંદરના પાને...

- વિશ્વ અંગદાન દિવસ
- નવી ક્રાંતિકારી ટેકનોલોજી TAVI / TAVR
- બેલ્સ પાલ્સિ
- ડાયાલિસિસ કરવા માટેની નવી પદ્ધતિ : ઓટોમેટેડ પેરીટોનીયલ ડાયાલિસિસ (APD)



Volume-10 | Issue-109 | August 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# વિશ્વ અંગદાન દિવસ

## એક મૃત્યુ – અન્ય ૮ને જીવનદાન

## ।। અંગદાન – મહાદાન, અંગદાન – પુણ્યની પોટલી, અંગદાન – જીવનની નિરંતરતા

૧૩મી ઓગસ્ટે, વિશ્વભરમાં “વિશ્વ અંગદાન દિવસ”ની ઉજવણી થઇ હતી. મૂળભૂત રીતે જોવા જઇએ તો- જ્યારે વ્યક્તિ પોતે પોતાના સ્વસ્થ અંગો, પોતાના જીવન દરમ્યાન અથવા તો મૃત્યુ પછી અન્ય દર્દીઓને આપવાની પરવાનગી આપે છે તેને “અંગદાન” કહે છે. સામાન્યત: મૂત્રપિંડ, હૃદય, યકૃત, સ્વાદુપિંડ, ફેફસાં, આંતરડું, હાડકાં, અસ્થિમજ્જા, ત્વચા, હૃદયના વાલ્વ, શિરાઓ અને આંખો - આ અંગોનું દાન થઇ શકે છે. આમાંથી અમુક અંગોનું દાન જીવતા જીવ પણ થઇ શકે છે - જેમ કે મૂત્રપિંડ અને કેટલીક પેશીઓ; જ્યારે મોટા ભાગના અવયવોનું દાન મૃત્યુ પછી થતું હોય છે. ઉદાહરણ તરીકે આંખો, હૃદય વગેરે..... કેટલાંક કિસ્સાઓમાં બ્રેઇન ડેડ વ્યક્તિઓના વાઇટલ ઓર્ગન્સ - હૃદય, ફેફસાં વગેરેનું પણ દાન થઇ શકે છે.

વિશ્વના દરેક ધર્મમાં દાનકાર્યને એક ઉમદા માનવપ્રવૃતિ તરીકે બિરદાવવામાં આવેલ છે. અંગદાન કરીને કોઇનું અણમોલ જીવન બચાવી શકાય તો તેનાથી રૂડું બીજું શું હોઇ શકે? અંગદાન એ સામાજિક ઋણ ઉતારવાનો મહામૂલો અવસર છે. આજે તબીબી વિજ્ઞાને વિકાસની હરણફાળ ભરી હોવા છતાં, માનવી કુદરતની તોલે તો ન જ આવી શકે. હજુ પણ કેટલાંય રોગો કષ્ટસાધ્ય અને અસાધ્ય છે - અહિં “અંગદાન” એ વરદાનસ્વરૂપ સાબિત થાય છે. જેમ કે કીડની ફેલ્યોર. દર્દીને જ્યાં સુધી મૂત્રપિંડનું દાન ન મળે ત્યાં સુધી ડાયાલીસીસ પર રાખવો પડે છે. અને ઘણી વખત અંગદાનની રાહ જોતાં જોતાં જ દર્દી મૃત્યુ પામે છે. આજે વિશ્વમાં લગભગ પાંચ લાખ લોકો અંગદાન પર મીટ માંડીને બેઠાં છે. એમાંથી ૯૬,૬૪૫ કેસ તો મૂત્રપિંડ માટે જ રાહ જોવે છે - ૧લી ઓગસ્ટ, ૨૦૧૬નો એક સર્વે કહે છે.




અંગદાન મહાદાન - આજે જનસામાન્યમાં અંગદાન અંગે ઘણાં પ્રશ્નો ઉદભવે છે. અંગદાન એ નૈતિકતાની દૃષ્ટિએ માનવતાવાદી કર્મ છે અને કાયદાકીય રીતે સંપૂર્ણ માન્યતા ધરાવે છે. “ઇન્ડિયન સોસાયટી ઓફ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ” એ ૨૦૦૫માં “ટ્રાન્સપ્લાન્ટ રજીસ્ટ્રી ઇન ઇન્ડિયા” સ્થાપેલ છે. જે અંતર્ગત અંગદાન માટેની નોંધણી કરાવી શકાય છે. આ રજીસ્ટ્રી અત્યંત ગુપ્તતાના ધોરણે કાર્ય કરે છે. માત્ર પ્રત્યારોપણનું કાર્ય કરતી હોસ્પિટલ્સ જ તેમાંથી પસંદગીકૃત માહિતી મેળવી શકે છે. તેના માટે કોઇ ઉંમરબાધ નથી. જાણો છો! સન ૨૦૧૫માં માત્ર ૧૦૦ મિનિટનું આયુષ્ય ધરાવનાર બાળક( આ નવજાત બાળકને “anencephaly” હતું)ના મૂત્રપિંડનું પ્રત્યારોપણ પુખ્તવયની વ્યક્તિમાં કરવામાં આવેલ. સ્વાસ્થ્યને લગતી તકલીફો હોય તો પણ અમુક તકલીફોને બાદ કરતાં અંગદાન કરી જ શકાય! પ્રાણદાન એ જ મહાદાન - જીવન છે તો બધુ જ છે અને વળી મૃત્યુ પછી પણ જીવંત રહી શકાય.

**“બધા માણસો બધું જ ન કરી શકે,**
**પણ દરેક માણસ કંઇક તો કરી જ શકે.”**

“ઓર્ગન ડોનેશન રજીસ્ટ્રી” એ અંગદાનની બધી જ વ્યવસ્થા કરે છે. તથા દાન કરેલ અંગોના યોગ્ય ઉપયોગ માટે પણ એટલી જ જવાબદારીપૂર્વક કાર્ય કરે છે, શારીરિક જરૂરિયાતના અગ્રીમતા ક્રમ અનુસાર અંગદાન કરે છે; જેથી દાતાનું દાન એળે ન જાય. “ટ્રાન્સપ્લાન્ટ ઓફ હ્યુમન ઓર્ગન એક્ટ” એ અંગોની વ્યાપારીકરણ ન થાય તે માટે સ્થાપવામાં આવેલ કાયદો છે; જે અંતર્ગત આ અંગોનું વ્યાપારીકરણ એ શિક્ષાપાત્ર ગૂનો બને છે. હાલમાં દાન માટેની નોંધણી અને વૈશ્વિક ધોરણે અંગદાનની જરૂરિયાત - એ બંને વચ્ચે આભ-જમીનનું અંતર છે. રાજા અને રૈયત - બંનેના સહિયારા પ્રયાસોથી જ સમાજમાં વધુમાં વધુ લોકોને જીવનદાન આપી શકાશે. ઘણી બધી બિનસરકારી સેવાભાવી સંસ્થાઓ પણ આ દિશામાં ખરેખર પ્રશંસનીય કાર્ય કરે છે. જેમ કે મોહન ફાઉન્ડેશન, શતાયુ, ગીફ્ટ અ લાઇફ, વગેરે...... ખરેખર, મૃત્યુ પછીયે બીજાની છાતીમાં ધબકી શકાય અને આપણી આંખે અન્યને પણ આ સુંદર ધરાના દર્શન કરાવાય! એક વ્યક્તિ મૃત્યુ પછી પણ અન્ય ૮ વ્યક્તિઓને જીવન આપી શકે છે.

**તો વિચારો છો શું????**
**બનો “અંગદાતા” અને બાંધી લો પુણ્યની પોટલી.**

**સૌજન્ય**
**ડૉ. ધવલ નાયક**
એમ.એસ. (ગોલ્ડ મેડાલીસ્ટ), ડી.એન.બી. (સીટીએસ)
ફેલો આરપીએસએચ (સિડની)
**કાર્ડિયાક અને હાર્ટ-લંગ ટ્રાન્સપ્લાન્ટ સર્જન**
મોબાઇલ : +91-90991 11133


CIMS News
Care & Cure
Volume-10 | Issue-109 | August 25, 2019

# નવી ક્રાંતિકારી ટેકનોલોજી TAVI / TAVR

## (ટ્રાન્સકેથેટર ઓર્ટીક વાલ્વ રિપ્લેસમેન્ટ અથવા ઈમ્પ્લાન્ટેશન)

ભારતમાં લગભગ ૧૫ લાખ સિવિયર (ગંભીર) ઓર્ટિક પેશન્ટ છે જેમાંથી ૫ લાખ (અડધો મિલિયન) દર્દીઓ પર ઓપરેશન થઈ શકે તેમ નથી. ઓર્ટિક સ્ટેનોસિસમાં ઓર્ટિક વાલ્વ તરીકે ઓળખાતો મહત્વનો વાલ્વ સાંકડો થાય છે. સિવિયર ઓર્ટિક સ્ટેનોસિસ ધરાવતા દર્દીઓમાં સારવાર કરવામાં ન આવે તો ૫૦ ટકા સુધી મૃત્યું નું જોખમ રહે છે.

ગંભીર ઓર્ટિક સ્ટેનોસિસ ધરાવતા દર્દીઓ માટે ટ્રાન્સકેથેટર ઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ (TAVI) એક શ્રેષ્ઠ વિકલ્પ બની ચૂકયું છે. ઓર્ટિક સ્ટેનોસિસ માટે સૌથી સામાન્ય સારવાર ઓપન હાર્ટ સર્જરી છે. તાજેતરમાં ટ્રાન્સકેથેટર ઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ (TAVI) એ ઉચ્ચ જોખમ ધરાવતા ઓર્ટિક સ્ટેનોસિસના દર્દીઓ માટે વિકલ્પ પેદા કર્યો છે જેઓ નવો વાલ્વ નખાવી શકે છે અને ઓપન હાર્ટ સર્જરીની જરૂર રહેતી નથી અત્યાર સુધી બિમાર વાલ્વ ને દૂર કરવા માટે દર્દીઓને હાર્ટ લંગ બાયપાસ મશીન પર મૂકવા પડતા હતા, છાતી પર કાપો મૂકવો પડતો હતો અને નવા વાલ્વને હ્રદયમાં મૂકીને તેને સીવી લેવામાં આવતું હતું, આટલી મોટી સર્જિકલ પ્રક્રિયાની પીડા હવે ભૂતકાળ બની ગઈ છે.



હવે અત્યાધુનિક TAVI (ટ્રાન્સકેથેટર હાર્ટ વાલ્વ રિપ્લેસમેન્ટ) ટેકનોલોજી બાદ આપણે તમામ વૃધ્ધ દર્દીઓનું આયુષ્ય વધારી શકીએ છીએ. (TAVI) પ્રક્રિયાની એક સૌથી મહત્વની બાબત એ છે કે તેનાથી માત્ર લોકોનું આયુષ્ય વધે છે એટલું જ નહી પરંતુ જીવનની ગુણવત્તા પણ સુધરે છે.

મિનિમલી ઈન્વેઝીવ (TAVI) પ્રક્રિયા કરાવનાર દર્દીઓ ઓપન હાર્ટ સર્જરી કરાવનાર દર્દીઓની સરખામણીમાં ઝડપી રિકવરી મેળવે છે અને ઓછા સમય માટે હોસ્પિટલમાં રોકાણ કરવું પડે છે ( સરેરાશ ૩-૫ દિવસ) ઓપન હાર્ટ સર્જરીમાં તેમણે ૭-૧૦ દિવસ માટે હોસ્પિટલમાં રહેવું પડે છે અને છાતી પર મોટો કાપો રહી જાય છે. (TAVI) સિસ્ટમમાં મિનિમલી ઈન્વેઝીવ પ્રોસિજર દ્વારા બિમાર ઓર્ટિક હાર્ટ વાલ્વને બદલવામાં આવે છે જેમાં બિમાર વાલ્વને સર્જિકલી દૂર કરવાની જરૂર રહેતી નથી. આ સાધનને સામાન્ય રીતે પગની ધમની દ્વારા દાખલ કરવામાં આવે છે અને ધમનીઓ દ્વારા હ્રદય સુધી પહોચાડવામાં આવે છે.

એક વખત તેને મૂકયા બાદ સાધન વિસ્તરે છે અને અસલ વાલ્વનું સ્થાન લઈ લે છે જેથી ઓકિસજનયુકત લોહી અસરકારક રીતે હ્રદયમાંથી બહાર વહી શકે છે.

TAVI (ટ્રાન્સકેથેટર ઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)નો ઉદભવ લગભગ ૧૦ વર્ષ અગાઉ થયો હતો જેનાથી કાર્ડિયોવાસ્કયુલર મેડિસિનનું સમગ્ર ચિત્ર બદલાઈ ગયું. અસંખ્ય કિલનિકલ ટ્રાયલ્સ અને પૂરાવા આધારિત તપાસના કારણે તેનો હવે વિશ્વભરમાં તબીબી સમુદાય દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે અને હવે આ સ્વીકૃતિમાં સતત વધારો થઈ રહ્યો છે.

**સૌજન્ય**

**ડૉ. તેજસ વી. પટેલ**

એમ.ડી., ડી.એમ. (કાર્ડિયોલોજી) - ગોલ્ડ મેડાલીસ્ટ
પૂર્વ આસીસ્ટન્ટ પ્રોફેસર સીએમસી વેલ્લોર

**ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**

મોબાઈલ : +91-89403 05130

CIMS News
Care & Cure
Volume-10 | Issue-109 | August 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# બેલ્સ પાલ્સિ

બેલ્સ પાલ્સિ એક પ્રકાર નું ચહેરા નું અસ્થાયી પેરાલિસિસ (લકવો) છે, જે ચહરા ની સાતમા નંબરની નર્વ (ચેતા) પર સોજો આવવા / તેને નુકસાન પહોંચવા અથવા કોઈ ઇજા થવા થી પરિણમે છે.

જ્યારે બેલ્સ પાલ્સિ થાય છે, ત્યારે તમારા ચહેરા ના સ્નાયુઓ માં અચાનક નબળાઈ આવી જાય છે. આના કારણે તમારો અડધો ચહેરો નીચે લબડી ગયો હોય તેવું લાગે છે.

આ ડિસઓર્ડર (વિકૃતિ) ચહેરા ના પેરાલિસિસ (લકવો) નું સૌથી સામાન્ય કારણ છે. તે સ્ટ્રોક નથી.

## લક્ષણો

આ સ્થિતિ ના લક્ષણો દરેક વ્યક્તિ માં અલગ અલગ હોય શકે છે અને તેની તીવ્રતા હળવી નબળાઈ થી લઈ ને ટોટલ પેરાલિસિસ (લકવો) સુધી માં કોઈ પણ સ્તર ની હોય શકે છે.

**તેના ચિહ્નો અને લક્ષણો માં શામેલ હોઈ શકે છે :**

- તમારા ચહેરા ની એક બાજુ પર નબળાઈ અથવા પેરાલિસિસ (લકવો) થવું - જે કલાકો થી લઈ ને દિવસો માં વિકસી શકે છે.
- ચહેરા માં અસમપ્રમાણતા લાગવી
- તમારી આંખ બંધ કરવા માં અથવા હસવા માં મુશ્કેલી થવી
- મોઢા ના એક ખૂણા માં થી લાળ પડવી
- અસરગ્રસ્ત બાજુ પર કાન ની આસપાસ પીડા થવી
- સ્વાદ ની સંવેદના માં ઘટાડો થવો
- પ્રસંગોપાત, તેના કારણે અવાજ પ્રત્યે ની સંવેદનશીલતા માં વધારો થઈ શકે છે

## કારણો

બેલ્સ પાલ્સિ નું સૌથી સામાન્ય કારણ એ વાયરલ ઇન્ફેક્શન હોવા નું માનવા માં આવે છે, જેના કારણે ઓડિટરી કેનાલ (કાન ની નહેર) માં ચેતા પર સોજો આવે છે અથવા તેમાં બળતરા થાય છે.

હર્પીસ સિમ્પલેક્સ - આ માટે જવાબદાર હોઈ શકે છે. આ સ્થિતિ ક્રોનિક મિડલ ઈયર ઇન્ફેક્શન (કાન ના વચ્ચે ના ભાગ માં થયેલ દીર્ઘકાલીન ચેપ), ડાયાબિટીસ, સાર્કોઇડોસિસ, ટ્યૂમરો (ગાંઠ), લાઈમ રોગ ઓટો ઈમ્યુન રોગો અને ક્યારેક ટ્રોમા (ઇજા) સાથે સંકળાયેલ હોઈ શકે છે.

## નિદાન

બેલ્સ પાલ્સિ નું નિદાન સરળ છે અને ક્લિનિકલ પરીક્ષણ પર આધારિત છે. આ રોગ ની પુષ્ટિ કરવા માટે કોઈ વિશિષ્ટ લેબોરેટરી (પ્રયોગશાળા) ના અથવા ઇમેજિંગ (રેડિયોલોજી) ના પરીક્ષણો ની જરૂર નથી.

ભાગ્યે જ, ચહેરા ની નબળાઇ માટે મગજ સંબંધિત કોઈ કારણો ને નકારી કાઢવા માટે અથવા માથા પર કે ચહેરા પર કોઈ જગ્યા એ ઇજા થઈ હોય તેવા કિસ્સા માં, તમારા ડોકટર તમને ઇમેજિંગ સ્ટડી, એટ્લે કે રેડિયોલોજી ના પરીક્ષણો (ઝ્ સ્કેન અથવા સ્ઐં સ્કેન) કરવા માટે સલાહ આપી શકે છે.

## સારવાર

બેલ્સ પાલ્સિ ની સારવાર કરવા માટે સામાન્ય રીતે ઉપયોગ માં લેવા માં આવતી દવાઓ માં શામેલ છે :

- કોર્ટીકોસ્ટેરોઇડ્સ
- એન્ટિવાયરલ દવાઓ
- એસ્પિરિન, એસીટામિનોફેન, અથવા આઇબુપ્રોફેન જેવી એનાલ્જેસિકસ પીડા ને દૂર કરવા માં મદદરૂપ થાય છે.
- આંખ ની સુરક્ષા
- ફિઝિયોથેરાપી

## સર્જરી

ભાગ્યે જ, ટ્રોમેટિક (કોઈ ઇજા થઈ હોય) કારણ ના કિસ્સાઓ માં, ચેતા ઉપર આવેલ દબાણ ને ઘટાડવા માટે, સર્જરી (શસ્ત્રક્રિયા) કરવી એ ફાયદાકારક હોઈ શકે છે.

પ્રોગ્નોસિસ (પ્રજ્ઞાનાત્મકતા / દર્દ ની ભાવિ સ્થિતિ કે સ્વરૂપ ની રૂપરેખા)

સામાન્ય રીતે ૯૦ % મોટા ભાગ ના કિસ્સાઓ માં પુનઃપ્રાપ્તિ સારી થાય છે. સ્વાસ્થ્ય માં સુધારણા ધીમે ધીમે થાય છે અને ૨ - ૩ મહિના લાગી શકે છે.

**ડૉ. સાગર બેટાઈ**
એમ.ડી., ડી.એમ. ન્યૂરોલોજી (એસ.જી.પી.જી.આઈ. લખનઉ)
**કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ**
મોબાઈલ : +91-99044 03142

**સૌજન્ય**

**ડૉ. મયંક પટેલ**
એમ.ડી. (મેડીસીન), ડી.એમ. (ન્યૂરો)
**કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ**
મોબાઈલ : +91-98250 20742

**ડૉ. પરીન્દ્ર દેસાઈ**
એમ.ડી. (મેડીસીન), ડી.એમ. (ન્યૂરો)
**કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ**
મોબાઈલ : +91-98250 31672

**ડૉ. શાલીન શાહ**
એમ.ડી. (મેડીસીન), ડી.એમ. (ન્યૂરો)
**કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ**
મોબાઈલ : +91-98250 65067

**ડૉ. પ્રણવ જોષી**
એમ.ડી. (મેડીસીન), ડી.એમ. (ન્યૂરો)
**કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ**
મોબાઈલ : +91-99252 32916

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-10 | Issue-109 | August 25, 2019

# ડાયાલિસિસ કરવા માટેની નવી પદ્ધતિ : ઓટોમેટેડ પેરીટોનીયલ ડાયાલિસિસ (APD)

ક્રોનિક કિડની ડીઝીઝ (CKD) (લાંબા સમય થી થયેલ કિડની નો રોગ) એ કિડનીની બહુ જ સામાન્ય વિકૃતિ બની રહી છે જે રોજિંદા જીવનમાં આપણા સંબંધીઓ અથવા મિત્રો માં જોવા મળે છે. વિવિધ વિસ્તારોમાં CKD નું પ્રવર્તમાન હોવાનું પ્રમાણ ક્ર૧ % થી ૧૩ % સુધીનું છે, અને તાજેતરમાં, ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજીના કિડની ડીઝીઝ ડેટા સેન્ટર સ્ટડી (અભ્યાસ) માંથી મળેલ માહિતી મુજબ આ પ્રમાણ ૧૭ % છે. CKD ના સ્ટેજ ૫ ના બધા દર્દીઓને ડાયાલિસિસ કરાવવું પડે છે, જે રક્તને ફિલ્ટર (ગાળવું) કરવાની અને વિષેલી સામગ્રીને દૂર કરવાની પ્રક્રિયા છે, જેમ કે મૂળ કિડની દ્વારા કરવામાં આવતું હતું. સામાન્ય લોકોએ ડાયલિસિસની જે મોડલિટી (પદ્ધતિ) વિષે સાંભળ્યું હશે તે હીમોડાયાલિસિસ છે, એટલે કે મશીન દ્વારા સીધું લોહીને સાફ કરવું. ગુજરાત અને ભારતમાં દરેક જગ્યાએ તમને ડાયાલિસિસ માટેના કેન્દ્રો જોવા મળશે કે જેઓ ફક્ત હીમોડાયાલિસિસની સુવિધા પ્રદાન કરે છે. હીમોડાયાલિસિસ સાથે અમુક પ્રકારની સમસ્યાઓ સંકળાયેલી છે, જેમ કે ડાયાલિસિસ કરાવનાર વ્યક્તિ એ, ડાયાલિસિસ કરાવવા માટે અઠવાડીયામાં ત્રણ વખત હોસ્પિટલ જવું પડે છે, તમારે હાથમાં ફિસ્ટ્યુલા (દર્દીના હાથમાં ધમની અને નસને જોડીને બનાવવામાં આવતો એક પહોળો રસ્તો જે અશુદ્ધ લોહીને શરીર માં થી મશીન માં અને શુદ્ધિકરણ પછી લોહીને મશીન માં થી પાછું શરીરમાં ભ્રમણ કરવામાં મદદ કરે છે) બનાવવું પડે છે, દર વખતે સોઈથી બે વખત તમારા શરીર માં સૂક્ષ્મ છિદ્ર કરવાની જરૂર પડે છે, તેની કિંમત પણ એક પરિબળ છે અને ડાયાલિસિસ કરાવવાથી પેશાબ ઝડપથી ઘટી જાય છે. ડાયાલિસિસ કરવા માટેની હજુ એક મોડલિટી (પદ્ધતિ) છે, જે છે પેરિટોનિયલ ડાયાલિસિસ, જે સિમ્સ માં કરવામાં આવે છે. આ મોડલિટી (પદ્ધતિ) માં પેટ / ઉદરના ભાગમાં એક નળી અંદર નાખવામાં આવે છે અને તેમાંથી મશીન દ્વારા પ્રવાહી દાખલ કરવામાં આવે છે અને બહાર નીકળે છે. આ પદ્ધતિના સૌથી મોટા ફાયદાઓ છે કે એ કરવામાં બહુ સરળ છે, તે તમારા પોતાની દ્વારા ઘરે પણ કરી શકાય છે જેથી હોસ્પિટલ આવવાની કોઈ જરૂર નથી, પેશાબ લાંબા સમય સુધી ચાલુ રહે છે, સોઈના ભોંકાણના કારણે થતાં કોઈ દુખાવા સહન કરવાની જરૂર નથી, હાથ માં ફિસ્ટ્યુલા બનાવવાની કોઈ જરૂર નથી. આ પદ્ધતિ દ્વારા ડાયાલિસિસ મશીન દ્વારા રાતના સમયે કરી શકાય છે અને દિવસ દરમ્યાન તમે તમારી ઊંઘ માં ખલેલ પડયા વિના તમારું કાર્ય કરવા માટે સ્વતંત્ર છો. સિમ્સ પર અમે તાજેતરમાં આ મોડલિટી (પદ્ધતિ) હીમોડાયાલિસિસના એક વિકલ્પ તરીકે શરૂ કરી છે અને બધા જ દર્દીઓને અમે તેના વિષે સૂચન / જાણ કરીયે છીએ. આ મોડલિટી (પદ્ધતિ) વિદેશી દેશો માં ખૂબ સામાન્ય છે અને મોટા ભાગના વિદેશી દર્દીઓ ડાયલિસિસ માટે APD નો ઉપયોગ કરે છે. અહીં ભારતમાં, અમે સૌ પ્રથમ વખત આ સુવિધા સિમ્સ ખાતે શરૂ કરી છે. દર્દી એ કેથેટર (ખાસ પ્રકારની નળી જેના વડે ડાયલિસિસ કરવામાં આવે છે) નાખવા માટે હોસ્પિટલમાં દાખલ થવાનું રહે છે અને પછી તેને પ્રક્રિયાની યોગ્ય તાલીમ આપવામાં આવે છે અને પછી બે દિવસ માં દર્દીને હોસ્પિટલ માંથી રજા આપવામાં આવે છે. તે પછી દર્દી એ ઘરે થી જ ડાયાલિસિસ કરવાનું રહે છે. આ મોડલિટી (પદ્ધતિ) ના ફાયદાને ધ્યાનમાં રાખીને, ટૂંક સમય માં તે ભારત માં હિમોડાયલિસિસનું સ્થાન લેશે.




સૌજન્ય
**ડૉ. મયૂર પાટીલ**
એમ.બી.બી.એસ., એમ.ડી. (જનરલ મેડીસીન), ડી.એમ. (નેફ્રોરોલોજી)
**નેફ્રોરોલોજી / ડાયાલીસીસ**
મોબાઈલ : +91-9727765779

CIMS News
Care & Cure
Volume-10 | Issue-109 | August 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સીમ્સ ફીવર ક્લિનીક

**શુ તમને આ લક્ષણો છે ?**



## ડેન્ગ્યુ

**ડેન્ગ્યુ ના લક્ષણો**

વધુ પડતો તાવ, સ્નાયુ અને સાંધામાં દુખાવો, ઝાડા અને ઉલ્ટી, ત્વચામાં ચકામા, આંખો માં અસહાય દુખાવો

## મેલેરિયા

**મેલેરિયા ના લક્ષણો**

ઝાડા અને ઉલ્ટી, માથાનો દુખાવો, પેટનો દુખાવો, પરસેવો વળવો ઉબકા આવવા, વધારે પડતો તાવ, ઠંડી સાથે ધ્રુજારી આવવી

## ચિકુનગુનીયા

**ચિકુનગુનીયા ના લક્ષણો**

તાવ, સ્નાયુ અને સાંધામાં દુખાવો, ઉબકા, માથાનો દુખાવો

## સ્વાઈન ફ્લુના લક્ષણો

**સ્વાઈન ફ્લુના લક્ષણો**

વધુ પડતો તાવ, શરીર તુટવુ, માથુ દુખવુ, શરદી અને ઉધરસ ગળામાં સખત દુખાવો, ઝાડા અને ઉલ્ટી, ઉબકા આવવા

**અમે જીવન બચાવા માટે તત્પર છીએ**

## આઈસોલેશન યુનિટ

ગંભીર બિમારી વાળા દર્દીઓ માટે અલગ થી આઈસોલેશન યુનિટ. અલગ રુમ દરેક દર્દી માટે

**અપોઈન્ટમેન્ટ માટે +91-79-2772 1008 | મોબાઈલ : +91-98250 66661**

**સમય : સવારે 9.00 થી સાંજે 7.00 સુધી (સોમ થી શનિ) | ઈમેલ : opd.rec@cimshospital.org**

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦
ફોન : +91-79-2772 2771-75 | ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

Joint Commission International
NABH
www.cims.org
CIMS Hospital

**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**

CIMS
Foundation

સીમ્સ ફાઉન્ડેશનને આરોગ્યક્ષેત્રે વિવિધ સેવાઓ માટે ઈન્ડિયા હેલ્થ એન્ડ વેલનેસ કાઉન્સિલ (IHW), ન્યૂ દિલ્હી "CSR પ્રોજેક્ટ ઈમ્પેક્ટ એવોર્ડ અંતર્ગત હેલ્થ CSR પ્રોજેક્ટ કેટેગરીમાં ચેમ્પિયન ટ્રોફી એનાયત થયેલ છે.

CSR HEALTH IMPACT AWARDS






Volume-10 | Issue-109 | August 25, 2019


# ભારત માંની અગ્રેસર હૃદયરોગ સારવાર ટીમ

**9**

**TAVI**
**(ટ્રાન્સકેથેટર એઓર્ટીક વાલ્વ ઈમ્પલાન્ટેશન)**
**સર્જરી વગર રોગગ્રસ્ત વાલ્વને બદલવાની પ્રક્રિયા**



Balloon Inflatable (Hybrid) Myvalv



Self Expanding (Supra-Annular) Evolut Valve

## ગુજરાતમાં સૌથી વધારે

**હોસ્પિટલમાં 100 % સફળતા સાથે**

**9**

**HEART TRANSPLANT**
**(હૃદય પ્રત્યારોપણ)**
**માટે ગુજરાતનું સૌથી પ્રથમ અને એક માત્ર કેન્દ્ર**



## સીમ્સ હોસ્પિટલ દ્વારા મેડીકલ કેમ્પ કરવામાં આવ્યા હતા

### વર્લ્ડ ઓર્ગન દિવસ



### અંગદાન જાગૃતિ માટે - બાઈક રેલી



**આવી જ રીતે તમારા ત્યાં મેડીકલ કેમ્પ કરવો હોય તો, વધુ જાણકારી માટે સંપર્ક કરો : શ્રી કેતન આચાર્ય - મો. +91-98251 08257**

## સીમ્સ હોસ્પિટલ મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પ્રશાંત પટેલ**
MBBS, MS, DNB (Neuro Surgery), M.Ch (Neuro Surgery)
**ન્યૂરો સર્જન**
મો. +91 98254 55595
prashant.patel@cimshospital.org

**એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો :**
**+91 98250 66661, +91-79-2772 1008**

CIMS News
Care & Cure
Volume-10 | Issue-109 | August 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2017-2019 valid upto 31st December, 2019**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2017-2019 valid upto 31st December, 2019**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સીમ્સ હોસ્પિટલ

## "માં યોજના સ્કીમ" હેઠળ
## કાર્ડિયાક દર્દીઓની સારવાર

Mukhyamantri Amrutum
મુખ્યમંત્રી અમૃતમ્
An Initiative of Health and Family Welfare Department



અમારી વિશ્વસનીય ટીમ નજીક ની સજ્જ હોસ્પિટલ માં દર્દીઓની **એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી ની** સારવાર કરશે.

| ડૉ. વિનીંત શાંખલા | ડૉ. વિપુલ કપૂર | ડૉ. તેજસ વી. પટેલ |
|---|---|---|
| મો. +91 99250 15056 | મો. +91 98240 99848 | મો. +91 89203 05130 |

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**